૧૦૪
C

ણામૂર્તિ બાલસાહિત્યમાળા

પાદનઃ ગિજુભાઈ • તારાબેન

# ગણપતિ બાપા

1600091



શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૧ લું

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# ગણપતિ બાપા

: લેખક :

ગિજુભાઈ

અમદાવાદ
૧૩૯

卐

સુધારેલી કિંમત
રૂ. ૦-૫૦
આર. આર. શેઠની કું. મુંબઈ-૨

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૬૩

*

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

: મુદ્રક :
જુગલદાસ-ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

* *

અનુક્રમ

ગણપતિ બાપા . . ૫
ગણપતિ ને કાર્તિક . ૧૯
ગણપતિ ને વેદવ્યાસ . ૨૬

*

કુલ નકલ ૧૫,૯૬૦

પહેલી આવૃત્તિ
ચાર મુદ્રણો
કુલ ૫૮૬૦

બીજી આવૃત્તિ
સાત મુદ્રણો
૮૯૫૦ નકલો

આઠમું મુદ્રણ
૧૧૫૦ નકલ
૨૦-૧૨-૬૩




દુંદાળો દુખભંજનો, સદા ય બાળેવેશ;
પ્રથમ પહેલાં સમરીએ ગૌરીપુત્ર ગણેશ.

# ગણુપતિ બાપા

: ૧ :

ચારેકોર હિમ, હિમ ને હિમ.

આમ જુઓ તો હિમ ને તેમ જુઓ તો હિમ. ઉગમણે ય હિમ ને આથમણે ય હિમ. ઓતરાદે ય હિમ ને દખણાદે ય હિમ. ઊંચે ય હિમ ને નીચે ય હિમ.

જયાં જુઓ ત્યાં હિમ જ હિમ. નકરું

નકરું=નર્યું; સાવ

હિમ જ હિમ!

એનું નામ હિમાલય.

હિમાલય નામનો પર્વત છે. ઊંચાં એનાં શિખર છે; નીચી એની ખીણો છે. માથે મોટી નદીઓ છે; પગે મોટાં વન છે. દેવોનું એ ધામ છે; ગિરિવર એનું નામ છે. ધરણીનો એ ધણી છે; પર્વતોમાં એ મણિ છે. પર્વતનો એ રાજ છે ને ભારતનો એ તાજ છે. કૈલાસ એનું શિખર છે. કૈલાસશિખરે શિવજી વસે; ઉમાદેવી સાથે રહે. એક દેવ ને એક દેવી.

છૈયું નહિ, છોકરું નહિ; આડોશી નહિ, પાડોશી નહિ; અવર નહિ, જવર નહિ. એક ઉમા ને બીજા શિવજી; બે જણની બેલડી. રમે જમે, ખાય પીએ ને મજા કરે.

: ૨ :

એમ કરતાં દિન ગયા; માસ ગયા; જુગો ગયા.

શિવજી બેઠા વિચાર કરે છે : "ચાલ ને હવે

બેલડી=જોડી

તપ કરું; વન જાઉં ને ધ્યાન ધરું, ને કાયાનું કલ્યાણ કરું!”

શિવજીને કંઈ છે? આ ઊઠ્યા ને લીધી લંગોટી! નહિ ઘરાળ કે નહિ ઉલાળ. ઘરબારે ય શું ને વનવગડો યે શું? મહેલે ય શું અને મસાણે ય શું? ગોરીએ શું ને ગુફા યે શું?

ભૂત-પ્રેત? તો કે’ ઘરનાં. સાપ સાપણ? તો કે’ ગળે વીંટ્યાં. શિવજીને કોની બીક?

ટાઢ પડે તો યે ઠીક, ને તડકો પડે તો યે ઠીક. વરસાદ વરસે તો કે’ ભલે ને વરસ્યા કરે! આ ધ્યાન ધરીને બેઠા.

શિવજી કહે: “પાર્વતીજી, પાર્વતીજી! આ અમે વન ચાલ્યા; ધણીનું ધ્યાન ધરવા ને કાયાનું કલ્યાણ કરવા.”

વળતું પાર્વતીજી બોલ્યાં: “તે એવો તે ધણી કોણ? ધણીનો ય ધણી? શિવજીને વળી ધ્યાન કેવાં! ધ્યાનીને વળી ધ્યાન? તપસ્વીને વળી તપ?”

---

કાયા=શરીર; દેહ ગોરી=સ્ત્રી

શિવજી કહે :—

"ધણી મારો વિષ્ણુ છે;
પાવન એનાં નામ છે;
મહાન એનાં કામ છે;
વૈકુંઠ એનું ધામ છે.
એને નામે દામ મળે,
એને નામે હામ મળે;
એને નામે આશા ફળે;
એને નામે મોહ ટળે.
આ એનું મારે કામ છે."

પાર્વતીજી કહે: "શિવજી, શિવજી! એ શું બોલ્યા? ઘરમાં કોઈ નાનું નહિ, ઘરમાં કોઈ મોટું નહિ; છોકરું નહિ, છૈયું નહિ; દેરિયા નહિ, જેઠિયા નહિ; સગાં નહિ, વા'લાં નહિ. અમથી એકલું કેમ રહેવાય? શિવજી અમને સાથે લ્યો.

વન વાળીને વાસો કરીશું,
દેવસેવામાં સાથે રહેશું;

---

પાવન=પવિત્ર દામ=પૈસો હામ=હિંમત

જપતપ સૌ સાથે કરશું.
ફળ લાવીશ, ફૂલ લાવીશ,
પાનને હું વીણી લાવીશ.

તમથી કાંઈ એકલા જવાય? અમે તમારી નારી ને તમે અમારા પતિ."

શિવજી બોલ્યા: "પાર્વતીજી, પાર્વતીજી! એ શું બોલ્યાં? કાયા તમારી કોમળ છે; જાત તમારી જાહલ છે. વનવગડામાં ટાઢ વાય, તડકો પડે ને લૂ લાગે; મેં આવે ને દેહ ભીંજાય. વાઘ બોલે, સિંહ બોલે, વરુ બોલે, તરુ ડોલે. ત્યાં તમથી કેમ રહેવાય? ફૂલ જેવી કાયા, ત્રીજે દિવસે કરમાય. કમળ જેવી પાની, ફાટીને મહીં ચીરા પડે. ત્યાં કંઈ ઘરનું ઘર નથી!"

પાર્વતીજી કહે: "ત્યારે અમે શું કરીએ? કામ નહિ, કાજ નહિ; ધંધો નહિ, ધાપો નહિ. એકલાં દિવસ કેમ જાય? કો'ક બોલનારું યે જોઈએ ના?"

શિવજી કહે: "લ્યો ત્યારે એમ કરજો; મેલ

જાહલ=બહુ ઘસારો સહન ન કરી શકે તેવું તરુ=ઝાડ

ઉખેડી પૂતળાં કરજો; માણસ જેવાં માણસ કરજો; ફૂંક મારીને જીવ આણજો. હાલશે ચાલશે એ રમશે ભમશે; ખાશે પીશે ને મજા કરશે. એ તમારાં બાલુડાં ને તમે એમની માતાજી. લ્યો, હવે હું જાઉં છું."

: ૩ :

વનવગડાનાં વન છે;
ઘોર છે, ગંભીર છે.
શિવજી યોગ સાધે છે,
વિષ્ણુજાપ ચાલે છે.

હાથે મોટા નખ વધ્યા, માથે મોટી જટા થઈ, પણ શંકરબાપા અચળ છે.

સ્થિર છે; શાંત છે; પ્રસન્ન છે.

જપ જપીને જંપી જાય; તપ તપીને તપી જાય; ધ્યાન ધરીને ધીરા પડે. પણ વિષ્ણુ કાંઈ એમ મળે છે ? ?

જાપ તો પોપટે જપે; તપ તો ઝાડે તપે; ધ્યાન તો બગલાં યે ધરે; સ્નાન તો માછલાં યે

જંપવું=શાંત થવું, સૂઈ જવું

કરે. પણ એમ કાંઈ પ્રભુ મળે?

વિષ્ણુને તો ભક્તિ ગમે. ભક્તિ મોટું જ્ઞાન છે; ભક્તિ મોટું ધ્યાન છે.

સાચી ભક્તિ શિવજીની. બેસતાં યે નામ ને ઊઠતાં યે નામ; ખાતાં યે નામ ને પીતાં યે નામ; જાગતાં યે નામ અને ઊંઘતાં યે નામ.

કામ એક નામનું; નામ એક રામનું એનું નામ ભક્તિ.

: ૪ :

પાર્વતીજી એકલાં રહે. શિવજી વિના ગોઠે નહિ. આમ જાય ને શિવજી સાંભરે, તેમ જાય ને શિવજી સાંભરે.

સવાર થાય પણ ભસ્મ કોણ લગાડે?
બપોર થાય પણ ભાંગ કોણ કાઢે?
સાંજ પડે પણ શંખ કોણ ફૂંકે?

ઘરમાં જાય ત્યાં શંખ પડેલો; ઓશરીમાં જાય ત્યાં કમંડળ ને ફળિયામાં વ્યાઘ્રચર્મ. જોઈ-જોઈને પાછાં વળે; આંખે મોટાં આંસુ સરે.

ગોઠવું=ચેન પડવું; ગમવું વ્યાઘ્રચર્મ=વાઘનું ચામડું

પાર્વતી બિચારાં એકલાં! શિવજી શિવજી મનમાં જપે, પણ શિવજી કાંઈ આવે છે?

પાર્વતીજી બેઠાં છે; સૂનું સૂનું લાગે છે. મનમાં મનમાં મૂંઝાય છે: "કોની સાથે બોલું? કોની સાથે ચાલું?"

ત્યાં તો કંઈક સાંભર્યું. "લાવ ને ભોળાનાથનું કહ્યું કરું! મેલ કાઢીને પૂતળાં કરું! નવરાવવામાં, ધોવરાવવામાં, ખવરાવવામાં, પિવરાવવામાં, રમાડવામાં ને જમાડવામાં દિવસ આખો વહી જશે."

દેવીએ તો મેલ કાઢ્યો. એનાં બે પૂતળાં કર્યાં. ફૂંક મારી ત્યાં જીવ આવ્યો. ટગમગ ટગમગ ચાલવા લાગ્યાં; મીઠું મીઠું બોલવા લાગ્યાં. આખા ઘરમાં ગેમે થઈ રહી.

પાર્વતીજી ને છોકરાં: સાથે રહ્યાં રમે છે, જમે છે, ને મજા કરે છે. જાણે કે શંકરને ય ભૂલી ગયાં છે!

---

ગેમે=આનંદ કિલ્લોલ

:૫:

કેટલાં ય વર્ષો વહી ગયાં.

નારદજી સ્વર્ગમાં રહે. એક હાથમાં તંબૂરો ને એક હાથમાં કરતાળ; નારાયણનું નામ લે. દુનિયા આખી ફરી વળે.

ફરતા ફરતા શિવજી પાસે આવ્યા.

નારદજીની પૂજા કરી, અર્ચા કરી, નમન કરી, નમણુ લઈ શંકરબાપા બોલ્યા: "પધારો. દેવ! આપનાં પગલાં ક્યાંથી?"

નારદજીએ જવાબ દીધો: "એ તો ખબર આપવા આવ્યો છું. પાર્વતીજી ને છોકરાંછૈયાં મજામાં છે. કૈલાસ ઉપરથી આવું છું."

મહાદેવજી તો આગલી વાત ભૂલી ગયેલા. વિસ્મય પામી બોલી ઊઠ્યા: "નારદજી! ઘર ભૂલ્યા લાગો છો! આ તો હું શિવજી. મારે ત્યાં છોકરાંછૈયાં કેવાં? કાં તો જોઈ કોઈ બીજી પાર્વતી ને કાં તો જોયાં કોઈ બીજાનાં છોકરાં! પાછા જાઓ ને ખાતરી કરો."

---

વિસ્મય=નવાઈ

નારદ કહે : " ના, ભોળા ! ભૂલ્યો તો કાંઈ નથી. સાચું માનવું હોય તો માનો, નહિ તો હું મારે આ ચાલ્યો."

નારદજી તો ચાલ્યા ગયા.

મહાદેવજીને થયું : " આપણે ઘેર છોકરાં કોનાં હશે? લાવ ને જોઈ આવું ? "

મહાદેવજી ચાલ્યા કૈલાસ ભણી.

: ૬ :

પાર્વતીજી નહાવા બેઠાં છે. બારણે ઓખા ને ગણુપતિને બેસાર્યાં છે. કહ્યું છે : " કોઈ આવે તો કહેજો કે બા નહાય છે. જોજો, કોઈ અંદર આવે નહિ."

ભાઈબહેન કહે : " ઠીક."

ત્યાં તો શંકરબાપા આવ્યા : " બામ્, બામ્, બામ્ ! "

માથે મોટી જટા, મોટી એવી દાઢી; પૂરું મોઢું યે ન દેખાય.

ઝબ દઈને ઘરમાં પગ મૂકવા જાય ત્યાં તો ગણુપતિ કહે : " ઊભા રહો, બાવાજી ! કોના

ઘરમાં ચાલ્યા ?”

પણ એ તો શંકરબાપા ! ઊભા યે શાના રહે ને સામું યે શાના જુએ ?

ગણપતિ કહે : “એલા બાવલિયા ! વિચાર તો કર ! આ ઘર કાંઈ તારું છે ?”

શંકરને કોની પરવા ? એ તો પોતાની ધૂનમાં હતા, એમણે તો પગ અંદર મૂક્યો.

ફરી વખત ગણપતિ કહે : “હં હં, એલા જોગટા ! એમ અંદર ક્યાં ચાલ્યો ? મારી બા ઘરમાં નહાય છે.”

શંકર કહે : “તારી બા ?”

મહાદેવજીએ પગ આગળ મૂક્યો.

ગણપતિનો ક્રોધ ક્યાંઈ માય નહિ. દાઢી પકડી બાવાને ઊભો રાખ્યો.

બાવો કાંઈ ઊભો રહે એવો થોડો હતો ? એ તો અંદર ઘૂસ્યો ને ગણપતિને માર્યો એક ધક્કો તે જઈ પડ્યો આઘે.

ગણપતિનું મોઢું લાલચોળ થઈ ગયું. ગણપતિજી દોડ્યા ને શંકરબાપાને પગ ઝાલીને

હેઠે પછાડ્યા.

જોઈ લ્યો પછી શંકરબાપાનો ઝપાટો! પાસે જ દાતરડું પડ્યું હતું તે ઉપાડ્યું ને ગણુપતિનું ડોકું કાપી નાખ્યું! માથું ઉપાડીને આકાશમાં ફેંક્યું.

ઓખા તો બી જ ગઈ; આખે ડિલે પરસેવો, પરસેવો! હાથપગ ધ્રૂજવા લાગ્યા. બાવાની મોટી જટા ને લાલચોળ આંખો જોઈને ભાગી તે સંતાઈ ગઈ મીઠાની ઓરડીમાં!

શંકરબાપા ઘરમાં ગયા. પાર્વતીજી નહાતાં હતાં. અંદરથી માતાજીએ પૂછ્યું: "કોણ છે ઘરમાં?"

"એ તો હું."

"હું કોણ? ગણુપતિ?"

"ગણુપતિબણુપતિ કેવો? એ તો હું તપ કરવા ગયો હતો તે પાછો આવ્યો છું."

"પણ હું તો નહાવા બેઠી છું. છોકરાંએ ન કહ્યું કે બા નહાવા બેઠી છે?"

"છોકરાં વળી કોનાં? ને મને રોકનાર

કોણ? એ તો હતો કોઈ છોકરો તે આડો આવ્યો તે કાપી નાખ્યો. એ માથું સૂરજ-લોકમાં આથડે ને ધડ ત્યાં તરફડે."

"હાય હાય! મારા ગણુપતિને માર્યો?" નહાવું નહાવાને ઠેકાણે રહ્યું ને પાર્વતીજી શોક કરતાં કરતાં બહાર નીકળ્યાં.

જુએ તો સાચે જ ગણુપતિને મારેલા!

પાર્વતીજી કહે: "નાથ! આ શું કર્યું? હાય હાય! આપણા ગણુપતિને માર્યો?"

"આપણો ગણુપતિ? આપણો ક્યાંનો?"

"નહોતું કહ્યું કે ન ગમે તો મેલનાં પૂતળાં બનાવજો?"

શંકર કહે: "ત્યારે તો ભૂંડું થયું!"

શંકરબાપા દોડ્યા. જે સામે મળે એનું માથું લેવા ધાર્યું.

સામે એક હાથી મળ્યો. ઝૂલતો ઝૂલતો આવતો હતો; સૂંઢ ડોલાવતો હતો.

એક ખડગનો ઘા ને હાથીનું ડોકું હેઠું

ખડગ=તલવાર

પડ્યું; ઉપાડીને ગણુપતિને ચોટાડ્યું; ગણુપતિ બાપા સૂંઢાળા થયા !

પાર્વતીજીએ ગણેશને ખોળે બેસાર્યા; શંકરબાપાએ એમના માથા ઉપર હાથ ફેરવ્યો, ને ગણુપતિ બાપાને અમર કર્યા.

# ગણપતિ ને કાર્તિક

:૧:

હિમાલયમાં શિવજી વસે. જ્યાં શિવજી ત્યાં પાર્વતીજી.

શિવજીને ઘેર બે કુંવર; એક ગણપતિ ને બીજા કાર્તિકસ્વામી.

ગણપતિ ને કાર્તિકસ્વામી બન્ને સગા ભાઈ પણ આકાશપાતાળનું અંતર.

ક્યાં બિચારા ગણુપતિ ને ક્યાં સ્વામી કાર્તિક! ગણુપતિને હાથીની સૂંઢ ને હાથીનું માથું; મોટું એવું પેટ ને હાથપગ તો દોરડી જ ના! ને એવડું બધું ભારે શરીર ઝટ દઈને કેમ ઊપડે? ઊઠતાં ઊઠતાં સાંજ પડે. કાચબો યે કાંઈક ઉતાવળું ચાલે. ચાલે ત્યારે કાંઈ ભૂંડા લાગે! મોટી એવી ફાંદ; આમ આમ ત્રણ કોરથી નમતા ચાલે.

વાહન તો ઉંદરડાનું. એમાં પછી શી મણા? જેવો જસલો જોગી એવી માલી મકવાણી. જેવા ભાઈના દિદાર એવાં ભાઈનાં બેસણાં. એ ઉંદર એનો ભાર કેમ કરી ઉપાડતો હશે? પણ ઘોડાને કંઈ અસવાર થોડો જ ભારે લાગે છે?

રૂપમાં યે ગણુપતિને કોણ મોહે? એની લાંબી એવી સૂંઢને મોહે કે મોટા એવા માથાને મોહે? હાથીના દાંત હાથીને શોભે, કાંઈ માણુસને શોભે? હાથી જેવા બે કાન માણુ-

દિદાર=દેખાવ; ઢંગ.

સને માથે આમ આમ સૂપડાં જેમ ફફડ્યા કરે એ તે કેમ શોભે? ખાઈપીને ગાદી ઉપર પડ્યા રહેનાર શેઠિયાની ફાંદ પણ કાંઈક સારી હોય! ગણુપતિ ભલે ગણોના પતિ હોય પણ વરવા તો લાગે જ.

ત્યારે કાર્તિકસ્વામી! ગણુપતિના સગા ભાઈ પણ ચપળતાનો ઘોડો. ડિલે પાતળા સોટા જેવા; આંખેનાકે પૂરેપૂરા નમણા. પેટ પણ પડિયા જેવું ઘાટીલું. હાથપગના વળાકાની વાત જ શી કરવી?

ગણુપતિ જ્યાં બેઠા ત્યાં બેઠા. કાર્તિકસ્વામીને બેસવું કેમ ગમે? એ તો આખો હિમાલય એક ઝપાટે ફરી આવે. ગણુપતિનું વાહન ઉંદરડો; કાર્તિકનું વાહન મોર. જેવો બેસનાર રૂડો રૂપાળો એવું એનું વાહન! મોર ઉપર કાર્તિકસ્વામી બેસે ત્યારે એકબીજાથી બન્ને જણા શોભી ઊઠે. આખો હિમાલય પણ શોભે; વનનાં ઝાડ પણ શોભે;

ગણો=દેવના દૂત વરવા=કુરૂપ

માબાપનાં હૈયાં પણ શોભે.

ગણુપતિ ઉંદર ઉપર તો જેવા શોભે એવાં શોભે! પણ માબાપને મન તો બંને દીકરા સરખા જ લાગે ના? ઊલટું ગણુપતિ કદરૂપા એટલે જરા વધારે વહાલા લાગે.

: ૨ :

ગણુપતિ તો પોતે જાણે, કે પોતે બહુ ધીરા છે; એટલે એમને કાંઈ મોટા પેટનું ને લાંબી સૂંઢનું થોડુંક અભિમાન હોય?

વાદ વદીને કાર્તિક કહેશે: "આવી જા, ગણુપતિ! દોડવું હોય તો આવી જા. કોણ એમાં આગળ જાય છે?"

બા કહેશે: "તું તારે એકલો દોડી વળજે. મારો ગણુપતિ તો અહીં હળવે હળવે ફરશે, ને મીઠી મીઠી વાતો કરશે."

માના ચારે હાથ ગણુપતિ પર. ગણુપતિને મા તીરથ સમાન. રોજ સવારે કાર્તિક ને ગણુ-પતિ ઊઠે. કાર્તિક તો આ મોરની સ્વારી કરતા ને ઊપડે; ગંગાના જળમાં નાહી આવે, અડસઠ

તીરથ કરી આવે ને જમવાટાણે પહોંચી જાય.

ગણુપતિને એટલું જતાં તો આખો ભવ જાય! એ તો બાબાપાને પગે લાગે ને અડસઠ તીરથનાં નામ લે. બાબાપાની ચાકરી કરે ને ગંગા નહાયાનું પુણ્ય લે.

કાર્તિક કહેશે: "એલા ગણુપતિ! એકાદ તીરથ તો કર?"

ગણુપતિ કહેશે: "આ દેહે તો થઈ રહ્યાં! હવે વળી આવતા ભવમાં વાત."

સવાર હતી. શંકર બેઠા ધ્યાન ધરતા હતા; પાર્વતીજી સેવા કરતાં હતાં.

કાર્તિક કહે: "ગણુપતિ! પાંચ તીરથ તો કર? ચાલ મારા મોર પર બેસાડીને લઈ જાઉં."

ગણુપતિ કહે: "ભાઈ! મારે તે વળી તીરથ શાં કરવાં?"

એમ કરતાં વાત એમ નીકળી કે પૃથ્વીપ્રદક્ષિણા કરવાનો બહુ મહિમા. શંકર કહે: "જાઓ, દીકરા! પૃથ્વીપ્રદક્ષિણા કરી આવો.

---

ટાણું=વખત; સમય

પૃથ્વીપ્રદક્ષિણા=દુનિયા ફરતો આંટો મારવો તે

એટલી જાત્રા તો કરવી જ જોઈએ ના!"

ગણુપતિ વિચારમાં પડી ગયા. બા કહે: "બેટા! શિવજી કહે છે, તો ભલે જાઓ. દેવ તમારું રક્ષણ કરશે. જાઓ, બેટા! મારા તમને આશિષ છે. વહેલા આવજો ને જાતનાં જતન કરજો."

કાર્તિકે મોર પર સ્વારી કરી; ગણુપતિએ ઉંદર શોધ્યો.

કાર્તિકસ્વામી હસી પડ્યા: "આ ગણુ-પતિ કયે દિવસે પૃથ્વીપ્રદક્ષિણા કરવાનો હતો? હું સો વખત જઈ આવીશ ત્યારે ભાઈ માંડ પૂરા બે યોજન પહોંચશે!"

ગણુપતિ શું બોલે?

આંખ મીંચીને ઉઘાડીએ ત્યાં તો કાર્તિક ક્યાંના ક્યાંઈ ગયા. નજરે ય ન દેખાય.

ગણુપતિ ત્યાંના ત્યાં ઊભા રહ્યા. આવડી મોટી પૃથ્વી, એની પ્રદક્ષિણા કયે દિવસે થાય!

શિવજી ને ઉમા ગણુપતિ સામે જોઈ રહ્યાં.

ગણુપતિએ ઉંદર પાછો વાળ્યો: ત્રણ વાર

માતાજી ફરતા ફર્યા; ત્રણ વાર માતાને પગે લાગ્યા; ત્રણ વાર માતાના પગને પોતે માથે અડાડ્યા; ત્રણ વાર માતાના પગની ધૂળ માથે ચડાવી. માતાની સામે આવીને બેસી ગયા.

ત્યાં તો કર્તિક દેખાયા.

"કાં ગણુપતિ ! માંડી વાળ્યું કે? તું શું પૃથ્વીપ્રદક્ષિણા કરતો'તો ?"

ગણુપતિ શું કામ બોલે?

આકાશમાંથી વાણી થઈ:—

"કાર્તિક! તેં તો એક વાર પૃથ્વીપ્રદક્ષિણા કરી ને ગણુપતિએ તો ત્રણ વાર કરી. મા એક તીર્થ છે; મા જ ખરું તીર્થ છે. ગણુપતિએ અહીં માતાની પ્રદક્ષિણા કરી છે."

કાર્તિકસ્વામી જોઈ રહ્યા; ગણુપતિને પગે પડ્યા. આકાશમાંથી ફૂલ ખર્યાં.

# ગણપતિ ને વેદવ્યાસ

બ્રહ્મા બ્રહ્મલોકમાં બેઠા હતા. અંતરમાં એકાએક વિચાર આવ્યો: "આ પૃથ્વીલોકના માણસોને મહાભારતની કથા આપવી જોઈએ. કૌરવપાંડવની એ જૂની વાત પૃથ્વી પર હમણાં તો કોઈ જ નથી જાણતું."

વળી વિચાર કર્યો: "પણ એ કથા કોને યાદ હશે? કોણ એવો હશે કે જે અક્ષરેઅક્ષર

લખી આપે? કોને એવી સુંદર કથા લખતાં આવડતી હશે? કોને એનું કામ સોંપીએ તો પાર ઊતરે?"

બ્રહ્માએ સમાધિ કરી અને ધ્યાન કર્યું. સમાધિમાં શ્રી વેદવ્યાસ દેખાયા.

વેદવ્યાસ એટલે જ્ઞાનનો ભંડાર! વેદવ્યાસ એટલે સરસ્વતીની કૃપા!

બ્રહ્માએ તો વેદવ્યાસને બોલાવ્યા.

તેજસ્વી કપાળવાળા, ધોળા કેશવાળા ને ચળકતી આંખોવાળા વેદવ્યાસ બ્રહ્મા પાસે આવી પહોંચ્યા. હાથમાં મોટું પુસ્તક હતું.

આદરપૂર્વક બ્રહ્માએ વેદવ્યાસને બેસાડ્યા. પૂછ્યું: "મહારાજ! આપણે મહાભારતની કથા લખવી છે. મહાભારતની કથા તો એક આપ જ લખો તેમ છો. એક આપની જ જીભે હશે. એક આપની જ શક્તિ એવી છે કે જે તેને પુસ્તકમાં ઉતારે. મહાભારત જેવું ભારે યુદ્ધ ને એના જેવા અનેક સુંદર બનાવો! એની કથા તો આપ સિવાય બીજો કોણ લખે?

મહારાજ! કૃપા કરી એ કામ કરી આપો. પૃથ્વી પરના મનુષ્યો ઉપર ભારે મોટો ઉપકાર થશે."

વેદવ્યાસ પ્રસન્ન થયા. શાંતિ અને ગંભીરતાથી કહ્યું: "ભગવન્! એ કથા હું જાણું છું. મહાભારતની એ કથાને હું પૃથ્વીના લોકને આપી શકીશ. પરંતુ એ લખવા માટે મારે એક લહિયો જોઈએ. ભગવન્! ત્રણ લોકમાંથી મને એવો લહિયો શોધી આપો કે જે હું જેટલા વેગથી બોલું તેટલા વેગથી લખી શકે. હું એ કથા એક જલધોધ જેમ કહીશ. એ જલધોધને કોઈ ઝીલનારો હોય તો જરૂર 'મહાભારત' રચી આપું. ભગવન્! કૃપા કરી એવો લહિયો શોધી આપો."

બ્રહ્મા વિચારમાં પડ્યા: "આવો લહિયો ક્યાં હશે? બોલાય તેમ લખવું, અને તેમાંય વેદવ્યાસજી બોલે તેમ લખવું! આ કાંઈ રમતની વાત નથી." બ્રહ્મા મનમાં મૂંઝાયા.

ફરી બ્રહ્માએ ધ્યાન કર્યું. સમાધિમાં કોણ દેખાયું? કોઈ વેદવ્યાસ જેવા ઋષિ દેખાયા?

કોઈ તેજસ્વી એવા ઈંદ્ર જેવા દેવ દેખાયા? સાક્ષાત્ સરસ્વતી દેખાયાં? એ કોઈ તો ન હતું; હતા શ્રી શંકરસુત ગણેશ.

બ્રહ્મા ગણપતિને જોઈ ખમચી ગયા. ધ્યાનમાં તો આ દેખાય છે. શું આ ગણપતિ મહાભારત લખશે? પૂરું પોતાનું શરીર તો ઊપડે એમ નથી ત્યાં કલમને દિવસરાત એકધારી શી રીતે ઉપાડશે? ના ના, એનાથી મહાભારત લખવાનું નહિ બને."

બ્રહ્માએ ફરી વાર ધ્યાન કર્યું. પણ ત્યાં તો પાછા એના એ જ ગણપતિ દેખાયા: મોટી દુંદ-વાળા, મોટી સૂંઢવાળા ને બાળક જેવા રૂપાળા.

પછી પછી તો બ્રહ્માએ ગણપતિનું આવાહન કર્યું. ત્યાં તો ગણપતિ ઉંદર ઉપર બેસીને એક ક્ષણમાં આવીને ઊભા રહ્યા. બ્રહ્મા પાસે જઈને બોલ્યા: "કેમ ભગવન્! આ સેવકને કેમ બોલાવ્યો? ભગવાનની શી કૃપા થઈ? સેવક સરખું કાંઈ કામકાજ?"

---

સાક્ષાત્=પ્રત્યક્ષ આવાહન=બોલાવવું તે

શંકરસુત=શંકરનો પુત્ર

બ્રહ્માએ આદરપૂર્વક બેસારી હસીને કહ્યું : "ગણપતિ! આપણે મહાભારત લખવું છે. આ બેઠા તે શ્રી વેદવ્યાસ. એમને કથા કંઠે છે. જલધોધવેગે એ બોલી જાય તેમ છે, પણ એમના વાણીના વેગને કોણ ઝીલે? એને કોઈ કાગળ પર કલમથી ઉતારી શકવા સમર્થ હોય તો જ પૃથ્વી પર મહાભારત જાય. મેં એવા પુરુષ માટે ધ્યાન ધર્યું ને આપ મને દેખાયા. આપને મેં એ માટે બોલાવ્યા છે."

ગણપતિએ વેદવ્યાસ સામે જોયું, બ્રહ્મા સામે જોયું, મનમાં જરા વિચાર કર્યો ને કહ્યું: "ભગવાનની જેવી આજ્ઞા. આપની કૃપાથી એ કામ હું કરી શકીશ."

વેદવ્યાસ ગણપતિની સામે જોઈ વિચાર કરતા હતા: "આ ભારે કાયાવાળા, આ ટીચ-કુડા ગણુપતિ મારી વાણીને ઝીલશે ને તેને ઉતારશે? હું તો આંખના એક પલકારામાં કેટલા ય શ્લોકો બોલીશ. આ ટૂંકડા હાથવાળો શી રીતે લખશે?"

વેદવ્યાસે કહ્યું : “ આપ ગણોના પતિ છો, શંકરના પુત્ર છો, માતા પાર્વતીજીને પ્રિય છો; એ તો બધું ઠીક પણ મારી વાણીના ધોધને કાગળ પર બરાબર વહેવડાવશો કે? એ ધોધ અટકશે નહિ; એક વાર ચાલશે એટલે પૂરો થશે ત્યારે જ અટકશે. થાકો એમ હો તો પહેલેથી જ ના પાડજો. તમારી ને તમારાં માતપિતાની હાંસી થશે ને મહાભારત અધૂરું રહેશે. એક વાર કલમ અટકી એટલે ખલાસ ! ”

ગણુપતિ કહે : “ ભગવન્ ! કૃપા કરીને મહાભારત જ બોલવા લાગો. એક વાર મારે આપનો ધોધ જોવો છે. જોજો, આપ અટક્યા છો તો ગણુપતિ કલમ નાખી દેશે ને મહાભારત અટકી પડશે. એક વાર વાણી અટકી એટલે ગણુપતિ ઊભો થશે ને રસ્તો લેશે. જોજો, વિચારીને શરૂ કરજો. અટકશો તો વેદવ્યાસના વડવાઓ લાજશે ને દેવો હાંસી કરશે. કહેશે કે એક ગણુપતિને લખાવતાં થાક્યાં કે ? ”

વેદવ્યાસ કહે : “ ગણુપતિજી ! એમ એકલા

લહિયા થઈને નહિ લખાય. એકલો લહિયો તો લખ્યે જ જાય ના ! તો એમાં ગણુપતિ જેવા દેવનું શું કામ હોય? હું તો એમ કહું છું કે હું જે બોલું તેનો ગણુપતિ અર્થ સમજીને લખે. સમજ્યા વિના એક લીટો પણુ ન લખે.”

ગણુપતિ જેવા દેવપુરુષને વ્યાસવાણીને સમજતાં શી વાર? સર્વ વિદ્યાના અધિપતિ એટલે તો ગણુપતિ. ગણુપતિ એટલે તો સરસ્વતીનો પ્રસાદ !

ગણુપતિએ કહ્યું: “કબૂલ ભગવન્ ! આપ બોલો તે ગણુપતિ સમજીને લખશે; સમજ્યા વિના એક લીટો પણુ નહિ કાઢે.”

વેદવ્યાસે પ્રેમપૂર્વક ગણુપતિ સામે જોયું ને કહ્યું: “હવે મહાભારત લખાશે.”

બ્રહ્મલોકના એક ઉપવનમાં વેદવ્યાસ અને ગણુપતિજી મહાભારત લખવા બેઠા છે. બ્રહ્માએ લેખિની અને શાહી આણી આપ્યાં છે; ગણુ-પતિની સામે કાગળનાં પાનાંનો ઢગલો પડેલો

અધિપતિ=ઉપરી ઉપવન=બગીચો લેખિની=કલમ

છે. વેદવ્યાસ પદ્માસને બેસી સરસ્વતીનું આવાહન કરી મહાભારત લખાવે છે.

વેદવ્યાસ એક શ્લોક બોલે છે ત્યાં ગણુપતિ તે જ ક્ષણે લખી લે છે; બીજો બોલે છે ત્યાં બીજો લખે છે. જેવો વાણીનો વેગ છે એવો જ લેખનનો વેગ છે. વેદવ્યાસ જેવા મહા લેખક ને ગણુપતિ જેવા સમર્થ લખનારની આ અજોડ જોડી જેવા અંતરીક્ષમાં દેવો જેવા મળેલા છે.

વેદવ્યાસને શ્લોક વિચારતા જવા અને લખાવતા જવા; ગણુપતિને અર્થ સમજતા જવું ને લખતા જવું. કોનું કામ અઘરું ને કોનું કામ સહેલું ?

વેદવ્યાસે નવ્વાણું શ્લોકો લખાવ્યા; એક કથાં ભાગ લખાઈ ગયો. પણ બીજો ભાગ વિચારવો જોઈએ ના ? ને વિચારવા માટે કેમ રોકાવાય ? જરાક અટક્યા કે ગણુપતિ કલમ નાખી દે ને ઊભા થાય ! આ તો બે વિદ્યાના બળિયાનાં

---

અંતરીક્ષ=આકાશ

પરાક્રમો હતાં.

વેદવ્યાસે સોમો શ્લોક નાખ્યો. એટલો બધો કઠિન, એટલો બધો ગૂઢ, એટલો બધો અર્થ ભર્યો !

ગણુપતિને તો સમજીને લખવાનું. જરાક જ વિચાર કરવા ને સમજવા માટે અટક્યા; એટલી વારમાં શ્લોક સમજાઈ ગયો ને લખાઈ ગયો. પણ ત્યાં તો વેદવ્યાસે બીજા નવ્વાણું શ્લોકો વિચારી લીધા !

વળી પાછું લખાવવા લખવાનું ચાલ્યું. એ વાણીનો પ્રવાહ ને એ લેખિનીનો પ્રવાહ ! પૂર્વે દેવોએ નહિ ભાળેલો ને નહિ સાંભળેલો.

વળી નવ્વાણું શ્લોક પૂરા થયા ને સોમો વિચારીને જ્યાં લખી નાખ્યો ત્યાં વેદ-વ્યાસે બીજા નવ્વાણું શ્લોકો ગોઠવી લીધા !

આમ મહાભારત શરૂ થયું ને લખાઈ ગયું. વેદવ્યાસ ને ગણુપતિ એક આસને બેઠા તે

કઠિન=અઘરો. ગૂઢ=ન સમજાય તેવો.

બેઠા; એકધારું લખવા માંડ્યું તે માંડ્યું. દિવસો ગયા ને મહાભારત પૂરું થયું. છેલ્લો શ્લોક બોલાયો ને છેલ્લો શ્લોક પણ લખાયો.

દેવોએ પુષ્પોની વૃષ્ટિ કરી! વેદવ્યાસ અને ગણુપતિને ફૂલોથી વધાવી લીધા!

બ્રાહ્માએ મહાભારત પૃથ્વી પર મોકલ્યું ને વ્યાસ ને ગણુપતિંની કીર્તિ અમર કરી.

# શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

**સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન : સેટના : ૨૫=૦૦**

---


૧ ગણપતિ બાપા
૨ ચલૈયો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હુંલામંડી
૫ કબાટ
૬ બાળ૦ બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ-રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ
૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો-૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજી૦ પડી ગયા !
૪૬ મંગેશનો પોપટ
૪૭ ઘોળીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાબ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળ૦ બીરબલ-૨
૫૪ છેટાં રહેજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરે
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓત૦ દીવાળો-૧
૬૨ ઓત૦ દીવાળો-૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત-મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ-ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... સેટના ... ૧૦-૨૫

બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... ... ,, ... ૨-૦૦

બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) ... ,, ... ૪૦-૦૦

બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) ... ,, ... ૧૪-૦૦

બાલસાહિત્ય વાટિકા-૧ ( ૩૨ પુસ્તકો ) ,, ... ૪૨-૫૦

બાલસાહિત્ય વાટિકા-૨ ( ૧૬ પુસ્તકો ) ,, ... ૨૩-૫૦

કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦

રખડુ ટોળી ... ૫-૦૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે)

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

મહાભારતનાં પાત્રો ( ૧૩ પુસ્તકો ) ... સેટના ... ૨૦-૫૦

રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) ... ,, ... ૧૨-૦૦

હિંદુધર્મની આ[illegible] ખંડ ૧-૨ ... ,, ... ૫-૫૦

શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૫૦

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળ પ્રવેશ ... ૨-૫૦

[illegible]તી સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૩-૦૦

## પાંચ વિશિષ્ટ ગ્રંથાવલિઓ

બાલરંજનમાળા...લે૦ શ્રીકાન્ત ત્રિવેદી ... સેટના ૧૫-૦૦

સુબોધ ગ્રંથાવલિ...લે૦ જીવરામ જોષી ... ,, ૧૦-૦૦

સોટી-પોઠી ( ૩૦ પુસ્તકો )લે૦ ધનંજય શાહ ,, ૪૭-૫૦

જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા ,, ૭-૫૦

નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... ,, ૮-૦૦

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧**


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ